# સાબરકાંઠામાં ઠેર ઠેર એટીએમ મશીન ઠપ્પ

ભિલોડા,તા.૧૭

હિંમતનગર અને ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર એ. ટી. એમ. મશીનો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.વારંવાર એ.ટી.એમ.મશીનો ખોટકાતાં ખેડુતો, પશુપાલકો, વેપારીઓ અને પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ખેડુતો,પશુ પાલકોને પેમેન્ટ સમયસર મળતાં નથી ત્યારે એ.ટી.એમ. મશીનો વારંવાર ખોરવાતા હોવાથી ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.હિંમતનગર અને ભિલોડા તાલુકાના ગામડાઓમાં એ.ટી.એમ. મશીનોમાં રૂપિયા ફસાઈ જતાં હોવાના કારણે ડરતાં-ડરતાં દુધ ધારકો એ.ટી.એમ. કાર્ડ વાપરતા હોય છે. એક વાર નોટ ફસાઈ જાય તો એ.ટી.એમ.મશીન ખોટકાય છે ત્યારે જલદી રીપેરીંગ થતું નથી ત્યારે દુધ ધારકો, ગ્રાહકોને હેરાન-પરેશાન થવાનો વારો આવતો હોય છે. રૂા.૧૦૦૦/- અને રૂા. ૫૦૦/- ની ચલણી નોટ ઉપર પ્રતિબંધ બાદ રૂા.૨૦, રૂા.૫૦ અને રૂા.૧૦૦/-ની તેમજ પરચુરણની તીવ્ર તંગી વર્તાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.છુટા રૂપિયાના નામ ઉપર કાળા બજાર થઈ રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

પશુ પાલકોને દુધનું પેમેન્ટ સમયસર ના મળતાં રોજીંદી ઘરવખરીની ચીજવસ્તુની ખરીદીમાં ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.અમુક મોટા પાયે તબેલા ચલાવતા ૫ થી ૨૦ ગાયો ધરાવતા હોય તો અંદાજીત રૂા.૧૫,૦૦૦/- થી રૂા.૯૦,૦૦૦/-સુધીનું પેમેન્ટ આવતું હોય છે ત્યારે પશુ પાલકોને રૂા.૪૫૦૦/-ની રકમ બેંકમાંથી હાથમાં આવતા તેમને ઘર ચલાવવા, પશુઓને ખાણદાણ ખવડાવવું તે મોટો પ્રાણ પ્રશ્ન હાલના તબક્કે છે. એક તરફ શિયાળાની સિઝન દરમ્યાન વાવેતરનો મહત્વનો સમયગાળો હોય ત્યારે ખેડુતોને ખાતર, બિયારણ, મજુરોનું વેતન ક્યાંથી લાવવું એ એક મોટો પ્રાણ પ્રશ્ન થઈ ગયો છે જ્યારે રૂા.૧૦૦૦/- અને રૂા.૫૦૦/- ની ચલણી નોટો કોઈ નાના-મોટા વેપારીઓ બજારોમાં હાથમાં પકડવા તૈયાર નથી ત્યારે પશુ પાલકો,ખેડુતો ભારે મુજવણમાં મુકાયા છે.




પાડાના વાંકે પખાલીને ડામ દેવાય તેવો ઘાટ સર્જાયો છે.નાના-નાના ખેડુતો અને પશુ પાલકો માંડ-માંડ જીવન નિર્વાહ ચલાવતા હતા ત્યારે આજે તો નાણાં વગરના નાથીયા જેવી કફોડી હાલતમાં મુંકાયા હોય તેવી પરીસ્થિતીનું નિર્માણ થયું છે પરંતુ લોકમુખે ચર્ચાય છે કે ભ્રષ્ટ્રાચાર અને કાળા નાણાના નાબુદી અભિયાન દરમ્યાન રોજ કમાઈને રોજ જીવન નિર્વાહ ચલાવનાર નાના માણસોનો મરો થઈ રહ્યો હોવાનું લોકમુખે ચર્ચાય છે પરંતુ એકદંરે આ નિર્ણય સારો હોવાનો ખેડુતો અને પશુ પાલકો ધ્વારા જાણવા મળેલ છે સાથે-સાથે પશુપાલકો, ખેડુતો, શ્રમજીવીઓ, વેપારીઓ અને પ્રજાજનોને આજે તો ઘર ચલાવવા કઠીન બન્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે. હિંમતનગર અને ભિલોડા તાલુકા મથકની બેંકોમાં રૂા.૫૦૦/- રૂા.૧૦૦૦/-ની નોટ જમા કરાવવા અને રૂા.૨૦૦૦/-ની નવી નોટો લેવા ભારે ભીડ ઠેર-ઠેર બેંકોમાં જોવા મળી રહી છે ત્યારે વહેલી સવારથી જ દરેક બેંકો આગળ લાંબી-લાંબી કતારો લાગતી હોય છે.

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં છેલ્લા ત્રણ દિવસગથી એ.ટી.એમ. મશીન ખોટકાતા શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું છે ત્યારે પશુપાલકો અને ખેડુતોના દુધના પેમેન્ટ અટવાતા ભારે મુઝવણ ખેડુતો અને પશુપાલકો અનુભવી રહ્યા છે.

# પ્રાંતિજમાં દશમા દિવસે પણ બેંકો આગળ લાઈનો જૈસે થે ની સ્થિતિ

## બેંકમાં ગ્રાહકોની લાઈનો ઘટવાને બદલે દિવસે ને દિવસે વધારો થયો છે : કેટલીક બેંકોમાં બેંક મેનેજરોના બેંક ગ્રાહકોને કડવા અનુભવો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે દસમા દિવસે પણ વિવિધ બેંકો સરકાર દ્વારા આઠ નવેમ્બરથી ૫૦૦-૧૦૦૦ના દરની ચલણી જુની નોટો બંધ કરતા છે અને દિવસે ને દિવસે લાઈનોમાં ઘટાડો થવાની બદલે વધારો જોવા મળે છે. ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ બેંક ગ્રાહકોની હાલત કફોડી બની છે તો કેટલાક બેંક મેનેજરો મનમાની કરતાં બેંક ગ્રાહકો જોડે છે તો હજુ પણ બેંકમાંથી ૨૪૦૦૦ની ઉપાડવાની લીમીટ છતાં ૧૦,૦૦૦ ઉપાડવાની કેટલીક





અને પોસ્ટ ઓફિસ આગળ ૫૦૦-૧૦૦૦ની દરની ચલણી નોટો બદલવા અને બેંકોમાં નાણાં ભરવા બેંક ગ્રાહકોની લાંબી- લાંબી કતારો જોવા મળી હતી.

હાલ સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજમાં આવેલ વિવિધ બેંકો આગળ બેંક ગ્રાહકનો ધસારો જોવા મળે છે અને જયા જુવો ત્યાં બેંકો આગળ લાઈનો જોવાં મળી રહી વિવિધ બેંકોમાં નિયમો પણ અલગ-અલગ જોવાં મળે છે જેથી બેંકો ગ્રાહકો મુંઝવણમાં મુકાયા છે. ત્યારે બીજી બાજુ કેટલીક બેંકોમાં સર્વર બંધ છે તેવો જવાબ આપતાં તુ...તુ....મે.....મે ના દશ્યો જોવાં મળે છે જયારે સરકાર દ્વારા ૪૫૦૦ રૂપિયા બદલવાનું જણાવ્યાં છતાં હજુ પણ કેટલીક બેંકો માત્ર ચાર હજાર બદલી આપે બેંકોમાં ઉપાડની ફરજ પાડવામાં આવે છે. ત્યારે એકબાજુ એટીએમ મશીનો પણ બંધ હાલતમાં હોવાથી પ્રાંતિજ સહિત તાલુકામાં બેંક ગ્રાહકોની સ્થિતિ કફોડી બની છે.

# દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર એગ્રીકલ્ચર યુનિવર્સિટીની વધતી જતી ભ્રષ્ટ નીતિઓ !

## ૨૮ વર્ષથી ફરજ બજાવતા કાયમી અધિકારીને અચાનક છૂટો કરી દેવાયો : કાયમી અધિકારીને સાથે અન્યાય, એક્સરે ટેક્નિશીય પંકજભાઈ દવે લાચાર !

દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટી ના આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ૨૮ વર્ષથી એક્સરે ટેક્નિશીયની ની પોસ્ટ કાર્યરદ છે જેમને થોડાક સમયગાળા પહેલા સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટી પાયાવિહોણા કારણો બતાવી કાયમીપણે છુટા કરી દેવામાં આવ્યા છે તેમજ એક્સરે ટેક્નિશિયન પંકજભાઈ દ્વારા જણાવેલ કે ૧૯૭૯ માં તેમની ભરતી થયેલ તેમજ ૧૯૮૯માં તેમને કાયમી ઓર્ડર આપેલ અને છેલ્લા ૨૮ વર્ષથી તેઓ આરોગ્ય કેન્દ્રમાં કાયમી પોસ્ટ પર ફરજ બજાવતા હતા પરંતુ અચાનક સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટી દ્વારા જણાવેલ કે



એક્સરે મશીન અત્યારે ના હોવાથી તમારી સેવાની કોઈજ પ્રકારની જરૂર નથી માટે તમને કાયમી માટે છુટા કરવામાં આવેછે તેમજ પંકજભાઈ દ્વારા એ પણ જણાવેલ કે સરકાર શ્રી દ્વારા બે વખત એક્સરે મશીન માટેની ગ્રાન્ટ પણ પાસ થયેલ પરંતુ સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટી દ્વારા ખરીદી કરવામાં આવેલ નહિ તો તેમાં મારી છું ભૂલ મારી કાયમી નોકરીમાંથી આમ અચાનક પાયાવિહોણા કારણો બતાવી મને છૂટો કરી દેવામાં આવતા હું ખુબજ લાચાર છું તેમજ મારી સાથે ખુબજ અન્યાય થયેલ છે અને બીજું કે હું કાયમી પોસ્ટ પર કાર્યરદ હોવાથી મને બીજી કોઈ જગ્યાએ કામગીરી માટે પણ મૂકી શકે પરંતુ આમ અચાનક છુટા કરવાથી હું ખુબજ લાચાર છું તેમજ મેં આની રજૂઆતો લેખિતમાં ૧. કુલપતિ સાહેબશ્રીને, ૨. એગ્રિકલચર સેક્રેટરી, ૩. કૃષિ મંત્રી સાહેબને, ૪. મુખ્યમંત્રી સાહેબને કરેલ છે પરંતુ હજુ સુધી મને કોઈજ પ્રકારનો ન્યાય મળેલ નથી તો સરકાર શ્રી મારી વાત પર ધ્યાન કેન્દ્રિત કરી મને ન્યાય અપાવે તેવું જણાવેલ તેમજ એક્સરે ટેક્નિશિયન પંકજભાઈ ની આમ કાયમી નિવૃત્તિ આપી દેતા તેમના બાળકોનું ભાવિ અંધારામાં ધકેલાતું લાગી રહ્યું છે. તો જવાબદાર અધિકારીઓ આની તપાસ કરાવી યોગ્ય ન્યાય અપાવે.

# ઊંઝામાં તસ્કરોનો તરખાટ : પ્રજા પરેશાન

ઊંઝા, તા. ૧૭

ઊંઝા વિસ્તારમાં નવા વર્ષની શરૂઆતથી જ તસ્કરોએ ઘરફોડ અને વાહનચોરીઓ ચાલુ રાખીને લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. ઊંઝા ખાતે સુદર્શન સોસાયટીમાં આવેલ એક બંધ મકાનમાંથી કોઈ તસ્કરો રૂપિયા ૩૫ હજારની કિંમતની મત્તાના સોનાચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી હોવાનો વધુ એક ઘરફોડ ચોરીનો કિસ્સો બહાર આવ્યો છે.

ઊંઝા નજીકના મક્તુપુરના વતની અને ઊંઝા ખાતે બાળોજનગર પાસે આવેલ સુદર્શન સોસાયટીમાં રહેતા હરેશભાઈ અમૃતભાઈ પટેલ પોતાના પરિવાર સાથે બહારગામ ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ તિજોરી તોડી અંદરથી સોના ચાંદીના દાગીના જેની કિંમત રૂપિયા ૩૫,૦૦૦ થવા જાય છે તેની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી સમગ્ર વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના ગુનાઓ તેમજ અસામાજીક બદીઓનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. સ્થાનિક પો.સ્ટે.માં નોંધાયેલ ગંભીર પ્રકારના ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ વણઉકેલાયેલ રહ્યા છે.

# પાટણમાં રાષ્ટ્રીય પ્રેસ દિનની ઉજવણી કરાઈ

પાટણ, તા. ૧૭

પાટણ જિલ્લા માહિતી કચેરી ખાતે જિલ્લા માહિતી કચેરી અને પ્રેસ અકાદમી ગાંધીનગરના ઉપક્રમે રાષ્ટ્રીય પ્રેસ દિનની ઉજવણી કરાઈ હતી. આ પરિસંવાદનો વિષય ‘સંગર્ષમય પરિસ્થિતિ વચ્ચે પત્રકારત્વ સામેના પડકારો’ હતો. જેમાં મોટી સંખ્યામાં જિલ્લાના પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા. પરિસંવાદમાં કે.એચ. પટેલ, સચિવ પ્રેસ અકાદમી પુલક ત્રિવેદી, ડૉ. જે.એચ. પંચોલી, ભરતભાઈ રાવલ, પી.ડી. પટેલ સહિતના અધિકારીઓ તેમજ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# બોલુન્દ્રાની દલિત યુવતીની તેના પ્રેમીએ ગળુ દબાવી ઘાતકી હત્યા કરી નાખ્યાનું ખુલ્યુ

## એસ.સી.-એસ.ટી. સેલના ડીવાયએસપીને તપાસ સોંપાઈ

મોડાસા, તા. ૧૭

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની દલિત યુવતિ શિતલ વણકર નામની યુવતીનો મૃતદેહ ગત બુધવારે મુલોજથી શેરાપુર કંપા જવાના માર્ગ પર રહેલા તળાવમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. યુવતિના



પરિવારજનોએ તેની હત્યા મોડાસાના મુસ્લીમ યુવાન ઈદરીશ ચડીએ કરી હોવાની મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી કડકાઈપૂર્વક યુવાનની પુછપરછ હાથ ધરતા યુવકે જ તેની હત્યા પ્રેમસંબંધ બાબતે બોલા ચાલી થતા એકાએક આવેશમાં આવી જઈ કરી નાખી હોવાનુ કબુલતા પોલીસે આરોપી યુવાનને જેલના સળીયા પાછળ ધકેલી દઈ વધુ પૂછપરછ હાથ ધરી એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપી રાઠોડને તપાસ સોંપાઈ હતી. યુવતિના પરિવારજનોના જણાવ્યા મુજબ યુવતિની હત્યામાં કે પછી મૃતદેહ સગવગે કરવામાં અન્ય ઈસમોની સંડોવણી છે કે નહિ તે અંગે તટસ્ટ તપાસ કરવા માંગ કરવામાં આવી હતી.

મુલોજ નજીક આવેલા શેરાપુરાકંપાના કુટેણા તળાવમાંથી ગત ૭મીએ બોલુન્દ્રાની શીતલ કનુભાઈ વણકર (ઉં.વ.૨૪) મૃત હાલતમાં મળી આવી હતી. યુવતીની માતાએ આ અંગે તેની હત્યા કરાઈ હોવાના આક્ષેપ સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હાથ ધરી ઈદરીશ ઈબ્રાહીમભાઈ ચડી (રહે. ૪૨૦ અમન પાર્ક સોસાયટી, મોડાસા)ને ઝડપી પાડી કડકાઈપૂર્વક તપાસ હાથ ધરતા ઈદરીશ નામના યુવાને સીતલનુ ગળુ દબાવી ઘાતકી હત્યા કરી હોવાની કબુલાત કરતા યુવતિના પરિવારજનોની આશંકા હકીકતમાં પલટતા ચકચાર મચી ગઈ હતી. આથી પોલીસે તેની વિરૂદ્ધ ખૂન તેમજ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ એસ.સી.-એસ.ટી. સેલના ડીવાયએસપી રાઠોડને તપાસ

### દલિત યુવતીમાં એક જ યુવકનો હાથ હતો કે તેના મિત્રોએ મૃતદેહ સગેવગે કરવા મદદ કરી ?

દલિત યુવતીની હત્યા તેના પ્રેમી ઈદરીશ ચડીએ ગળુ દબાવી કરી લીધી હોવાનુ કબૂલાત પછી મૃત યુવતીને કારમાં નાખી તેનો મૃતદેહ સગેવગે કરવા ગયો ત્યારે તે એકલો જ હતો કે તેને અન્ય મિત્રોએ મૃતક યુવતીના મૃતદેહને ઠેકાણે પાડવામાં મદદરૂપ થયા હતા કે નહિ તે અંગે પોલીસ સાચી દિશામાં તપાસ કરે તેવી ઉગ્ર માંગ દલિત સમાજમાં પ્રવર્તી રહી છે.

હતી. મોડાસાના અમનપાર્ક સોસાયટીમાં રહેતા ઈદરીશ ચડીએ શીતલને તેની મારૂતિકારમાં બદઈરાદે બેસાડી લઈ જઈ ગળુ દબાવી હત્યા કરી મૃતદેહને કુટેણા તળાવમાં ગરનાળા નીચે પાણીમાં નાખી દીધી હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. જેને આધારે મોડાસા રૂરલ પોસઈ આર.ડી. સગરે તપાસ સોંપાતા આરોપીની વધુ તપાસ હાથ ધરી હતી. ડીવાયએસપી રાઠોડને આરોપી યુવાનને રીમાન્ડ મેળવવા અંગે પૂછતા તેમને જણાવ્યુ હતુ કે દરેક વાત તમને કરવાની ન હોય તેવો ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપવામાં આવ્યો હતો. પોલીસ સાચી દિશામાં અને તટસ્થ તપાસ કરશે કે નહિ તે અંગે દલિત સમાજમાં રોષ ફેલાયો છે.

# હિંમતનગરમાં સહકાર સપ્તાહની ઉજવણી

૬૩ઉમા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી નિમિત્તે હિંમતનગર ખાતે યોજાયેલ સહકાર સપ્તાહ કાર્યક્રમમાં કૃષિ બેંકના પૂર્વ ચેરમેન કનુભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા સહકારી સંઘના દશરથભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાબરકાંઠા જિ. સહકારી સંઘમાં ૪૦ વર્ષથી અધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહેલ અંબાલાલ ઉપાધ્યાયની પ્રતિમાનું અનાવરણ-સહકાર ભવનને અંબાલાલ ઉપાધ્યાય ભવનની નામકરણ વિધિ કરવા સહિત અંબાલાલ ઉપાધ્યાય લેખિત મારી જીવનયાત્રા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યુ હતું.



# હવે બળદની જગ્યાએ બાઈકનો કરાય છે ઉપયોગ

## પાલનપુરમાં દેશી કચરિયું બનાવવા નવતર પ્રયાસ

શિયાળાની ઋતુમાં તંદુરસ્ત રહેવા માટે લોકો દેશી કચરીયા પાક ની જયાફત માણતા હોય છે એક સમયે કચરીયા પાકને પીસવા માટે બળદ નો ઉપયોગ કરવામાં આવતો હતો પરંતુ બદલાતા દેશમાં હવે બાઈક નો ઉપયોગ થઈ રહ્યો છે. આ તસ્વીર જોઈને તમને પણ એવું લાગતું હશે કે હવે અચ્છે દિન શરૂ હો ગયે હૈ થોડાક વર્ષો પહેલા શિયાળા માં કચરીયા પાકને દેશી રીતે પીસવા માટે બળદનો ઉપયોગ થતો હતો પરંતુ નવા જમાનાની નવી ટેકનિકનો ઉપયોગ લોકો કરી રહ્યા છે ત્યારે આ તસ્વીર જોઈને એમ કહેવામાં પણ કઈ વાંધો નથી કે હવે દેશ બદલ રહા હૈ જે દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય એ દેશ ની પ્રજા પણ કૈક નવું કરવા માટે કમ નથી ભલે બળદ કરતા બાઈક મોંઘુ પડતું હોય પણ ટેક્નિકલ રીતે દેશી કચરીયા પાક તૈયાર કરતા રાજસ્થાની તૈલી નું માઈન્ડ પાવર પણ કમ નથી ટીવી એસ કંપનીના બાઈક બનાવનાર તેના માલિક પણ જો આ દ્રશ્યો જોવે તો તે પણ એટલું તો જરૂર વિચાર કે જે બાઈક લોકો ને હરવા ફરવા ની સવારી માટે લોન્ચ કર્યું હતું પરંતુ ભેજાબાજ લોકો એ તો રોજગારી માટે ઉપયોગ કરી રહયા છે પાલનપુર માં ડીસા હાઈવે પર પસાર થતા રાહદારીઓ પણ કચેરીયા પાક પીસવા માટે બળદના બદલે બાઈક જોઈને નવાઈ અનુભવી રહયા છે શિયાળાની ઋતુમાં માણસની તંદુરસ્તી માટે બરાબર પીસીને તૈયાર કરતા કચીરીયા પાક માં મુંગા પશુઓ માટે સોચ બદલો દેશ બદલો ની વાત સાર્થક થઈ રહી છે.

# બનાસ ડેરી દ્વારા ૬૩ઉમા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી

પાલનપુર, તા. ૧૭

ભારત દેશ ખેતી પ્રધાન હોવાથી સહકારી ક્ષેત્ર અનેક રીતે ઉપયોગી નીવડે છે. દર વર્ષે દેશમાં ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવતી હોય છે. આ વખતે ભારત દેશમાં “ટકાઉ વિકાસમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા” થીમ પર અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. બનાસ ડેરીના ઈન્ચાર્જ મેનેજીગ ડિરેકટર બીપીનભાઈ પટેલ અને મુખ્ય અધિકારીઓ દ્વારા ૬૩ઉમા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી મંગલ દીપ પ્રાગટ્ય કરીને ડેરીના આદ્ય સ્થાપક અને સહકાર પુરુષ દિવંગત ગલબાભાઈ નાનજીભાઈ પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી અને સહકાર ધ્વજ લહેરાવીને કરી હતી. આ અવસરે મોટી સખ્યામાં બનાસ ડેરીના કર્મચારીઓ અને એ.આઈ. તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

બનાસ ડેરીના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર બીપીનભાઈ પટેલે કહ્યું કે ભારત દેશમાં આ વર્ષે ૬૩ઉમાં રાષ્ટ્રીય સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આજના સમયમાં સહકારની પ્રવૃત્તિથી દેશનો વિકાસ વિવિધ ક્ષેત્રોમાં કરી શકાય છે. બનાસની ધરતી પર સહકાર યુગ પુરુષ ગલબાભાઈ નાનજીભાઈ પટેલે ૫૦ વર્ષ પહેલા બનાસ ડેરીનું બીજ રોપ્યું હતું તે આજે વટ વૃક્ષ બની ૧૩૦૦થી વધુ મંડળીઓ દ્વારા ડાળી રૂપી ફેલાઈ છે અને સાડા ત્રણ લાખ દૂધ ઉત્પાદકોના જીવન ઉજળા બનાવ્યા છે. આજે બનાસ ડેરી પણ ટકાઉ વિકાસ કરવા માટે ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાંકરેજ ગૌવંશ સુધારણા અને મધ પ્રોજેક્ટને અમલમાં મૂકી તેને વિસ્તારવા કટીબદ્ધ છે. સહકાર ક્ષેત્રે મુલ્યો એ વિકાસનો આધાર ભૂત પાયો છે. મૂલ્યો છે ત્યાં ટકાઉ વિકાસ ખુબ ઝડપથી થાય છે. ડેરીના આદ્ય સ્થાપક ગલબાકાકાએ જે મૂલ્યો પર બનાસ ડેરીની શરૂઆત કરી તે મૂલ્યો ટકાવીને વિકાસ પંથ પર અગ્રેસર રહીએ તેવો અનુરોધ છે.